613

વિચરતી અને વિમુકત જાતિની મહિલાઓ માટે ચાલતા
સિવણવર્ગમાં અપાતી વૃતિકા તથા સિલાઈ મશીન
ખરીદવા આપવામાં આવતી સહાયના દરમાં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવઃ ક્રમાંકઃ સશપ-૧૪૦૬-ન.બા.-૧૮-અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૩/૩/૨૦૦૭

વંચાણે લીધાઃ-

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ- ૧૦૭૯-(આર) ૭૮૧૨૭/ જ તા. ૨૯/૨/૮૦

(૨) સમાજ કલ્યાણ કલ્યાણ અને આદિજીત વિકાસ વિભાગ(સ.ક્ર પ્રભાગ) ના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૦૬-૧૦૩-જ તા. ૨૭/૩/૧૯૯૨

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૯૫-જીઓઆઈ-૬-અ તા. ૮/૨/૨૦૦૦

(૪) નિયામકશ્રી (વિ.જા.)નો પત્ર ક્રમાંક વિજાક- તલમ- ન.બા.-૨૦૦૭-૦૮-૦૬-૦૭-૧૦૬૦ તા. ૨૧/૧૨/૦૬

<u>ઠરાવઃ-</u>

આમુખ (૧) માં દર્શાવેલ ઠરાવથી રાજયની વિચરતી અને વિમુકત જાતિની મહિલાઓને વિકસતી જાતિ કલ્યાણ ખાતા દવારા ચાલતા શીવણવર્ગોમાં (તાલીમને અંતે પરીક્ષામાં સફળ થાય તો) રૂા. ૧૫૦૦/ સુધીની કિંમતનું સિવણ મશીન ખરીદવા માટે સહાય આપવામાં આવે છે. તેમાં વધારો કરીને સિવણ મશીનની કિંમતના ૫૦ ટકા અથવા રૂા. ૨૫૦૦/ બે માંથી જે ઓછુ હોય તે સહાયની રકમ આપવાની તથા આમુખ (૨) માં દર્શાવેલ ઠરાવથી આવા સિવણ વર્ગોમાં તાલીમ લેતી મહિલાઓને માસિક રૂા. ૨૫૦/ સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. જેમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને વધારો કરીને રૂા. ૩૫૦/ પ્રતિ માસ આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ વિકસતી જાતિ કલ્યાણ ખાતા દવારા ચલાવવામાં આવતા વિચરતી અને વિમુકત જાતિની મહિલાઓ માટેના સિવણવર્ગની મહિલા તાલીમાર્થીઓને પ્રતિમાસ રૂા. ૨૫૦/ ને બદલે રૂા. ૩૫૦/ સ્ટાઈપેન્ડ આપવાનું તથા તાલીમના અંતે પરીક્ષામાં સફળ થાયતો તેવા

⟹

તાલીમાર્થીઓને સિલાઈ મશીન ખરીદવા માટે રૂા. ૧૫૦૦/ ના બદલે રૂા. ૨૫૦૦/ અથવા મશીનની કિંમતના ૫૦ ટકા એ બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમની સહાય આપવાનું ઠરાવેલ છે.

વર્ષ ૨૦૦૭–૦૮ ના અંદાજપત્રમાં આ માટે કરેલ રૂા. ૫.૨૫ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક–૯૨, અંદાજપત્રના સદર ૨૨૨૫, અનુસુચિત જાતિ,અનુસુચિતજનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ –૮૦–સામાન્ય–૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિનું કલ્યાણ–બીસીકે–૪૮– મહિલાઓને સિવણકામ માટે તાલીમ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવનો અમલ તા. ૧/૪/૨૦૦૭ થી કરવાનો રહેશે અને નિયામકશ્રી (વિ.જા)એ ૨ બાબતમાં થયેલ કાર્યવાહીનો અહેવાલ તેમજ આ યોજના અંતર્ગત થયેલ ખર્ચના પ્રમાણપત્રો બનતી ત્વરાએ સરકારને સુપ્રત કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૩/૩/૦૭ ના રોજ આપેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.પી.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
–માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતાા અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
–માન.રા.ક.મંતીશ્રી સામાજિક અને શૈક્ષણિક રીતે વર્ગોનું કલ્યાણના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
–નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર.
–એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
–નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
–વિભાગની બ,ગ,અ.૧ શાખા

chh1-564